# સમયની સાથે સાથે

અમારા એક મિત્ર. એકદમ બેફિકર. ટ્રેનનો સમય થવા આવ્યો હોય પણ એમને કશો રઘવાટ નહીં. હજુ તો ક્યાંક નિરાંતે બેસીને ચા પીતા હોય. પછી દોડવાનું થાય. ઊપડતી ટ્રેન પકડી પાડે. સદ્‌ભાગ્યે આપણે ત્યાં ટ્રેનો સમયસર હોતી નથી – જે દિવસે ટ્રેન સમયસર હોય એ દિવસે અમારા મિત્ર અચૂક ચૂકી જાય. એટલે જ અમારા એક બીજા મિત્ર એના પર ખિજાય કેમકે એ પોતે તો વળી દોઢ કલાક પહેલાં સ્ટેશને પહોંચી જનારા...

સમયની સાથેસાથે રહેવું આપણા માટે કેવું તો મુશ્કેલ હોય છે! સમયની પાબંદી આપણને અણગમતી હોય છે, અકળાવનારી હોય છે. રોજિંદા જીવનની ઘટમાળમાં આપણે યાંત્રિક રીતે સમયને વશ થતા હોઈએ છીએ. નોકરી-વ્યવસાય માટે બસ-ટ્રેનમાં આવજા કરનારાને જુઓ અને નોકરી કરતી ગૃહિણીઓની દશા જુઓ. મિનિટેમિનિટની પાછળ એમને હાંફતાંહાંફતાં દોડવું પડતું હોય છે, ક્યારેક ઘસડાવું પડતું હોય છે. સમયની સાથે રહેવાનો એમને કોઈ આનંદ હોતો નથી. એટલે રજાને દિવસે એ સમયને હડસેલી દે છે, જાણે કે

ઊતરડીને ફેંકી દે છે. તમે સાવ નવરા હો, કશું જ કામ ન હોય એ દિવસે જો આ દોડાદોડી કરનારનો તમાશો જુઓ તો તમને રમૂજ થવાની ને એ સાથે મનમાં અનુકંપા પણ જાગવાની. તમને થાય કે, ઓહ, સમય કેટલો નિર્દય છે!

પણ સમય બીજી રીતે પણ નિર્દય બની શકે છે. કેટલાંક કામ આપણે ઠેલતા હોઈએ છીએ – અત્યારે નહીં, હવે સાંજે; આજે જરાક મૂડ નથી, હવે કાલે કે પરમ દિવસે. પરમ દિવસે વળી ઓચિંતું જ કંઈ રોકાણ કે વિઘ્ન આવી ગયું ને આપણે એ દિવસ પણ ચૂકી જવાના. દાખલા તરીકે, 'લો, બીલ ભરવાની તારીખ તો ગઈ!' 'આવેલો' સમય નહીં, પણ 'આવનારો' સમય જ આપણને મોકળાશવાળો લાગવાનો – 'સાંજે જરાક મૂડ આવશે, કામ સારું થશે.' કે પછી, 'કાલે નિરાંત જ છે ને, ને હજુ તો આખા ત્રણ દિવસ બાકી છે.' પણ એ ત્રણે દિવસ એવા હાથતાળી દઈ જવાના!

આ બધું પાછા આપણે જાણીએ જ છીએ. આપણને શરૂઆતથી શીખવવામાં આવે છે. આપણી કેટલી બધી કહેવતો આપણને કહે છે કે, કાલે કરવાનું આજે કર ને આજે કરવાનું અબઘડી કર. છતાં આપણે સમયને ગાંઠતા નથી ને સમય આપણને એક હડસેલો મારીને આગળ ચાલે છે. એ પછી એ ધક્કો મારે છે; ને પછી સાવ નિર્દય રીતે આપણને એવા ધક્કેલી દે છે કે ત્યાંથી પાછા રસ્તે ચડી શકાતું નથી.

આપણે કેવળ ભૌતિક રીતે નહીં, માનસિક રીતે પણ સમયની સાથેસાથે રહેતા નથી. દરેકે પોતાના ક્ષેત્રમાં સદ્ય સજ્જ – up dated રહેવાનું હોય છે. જ્ઞાન અને જાણકારી એટલાં ઝડપથી વધતાં રહે છે કે થોડુંક ચૂક્યા કે આપણે પાછળ રહી જવાના. પછી આપણે ડૉક્ટર હોઈએ કે વ્યવસાયી હોઈએ કે શિક્ષક હોઈએ. પોતાના કામમાં પકડ આવી ગયા પછી, રીઢા થઈ ગયા પછી, નવું જાણવાનું, નવું વાંચવાનું કેટલાક માણસો છોડી દે

છે. જૂની મૂડી પર વેપલો ચલાવે રાખે છે. વરિષ્ઠપણાને વટાવ્યે રાખે છે. પછી જક્કી થઈ જાય છે, એમને પોતાનો કક્કો ખરો કરવાની ટેવ પડી જાય છે. એ લોકો પક્વ નહીં પણ જરઠ થવા લાગે છે. સમય એમને એક જગાએ ખોડી દઈને આગળ ચાલે છે – પોતાની સાથે લઈ જતો નથી.

સમયની ધરી તો વર્તમાન છે – એને યોગ્ય રીતે સામ્પ્રત, આ ક્ષણની, કહેવામાં આવે છે. પણ આપણામાંના ઘણાખરા વર્તમાનની ધરીએ રહેતા નથી. કાં તો એ ભૂતકાળ તરફ સરે છે, કાં તો ભવિષ્યના સ્વપ્નમાં સરે છે. ભૂતકાળ, જેને આપણે ભવ્ય વારસો કહીએ, એ તો વર્તમાનમાંય આપણી સાથે સઘન રહીને અને સમરસ થઈને ચાલતો જ હોય છે. ભૂતકાળને ખરજવાની જેમ ખંજવાળવાનો હોતો નથી. એવા લોકો out dated – કાલબાહ્ય –બની રહેતા હોય છે. વર્તમાન એમને હંમેશા ઊતરતો, અધૂરો, ટીકાપાત્ર લાગે છે. 'અરે, અમારા દિવસોમાં તો...' એ એમનું રટણ હોય છે. પછી આ વારંવારનું રટણ એ પારાયણ બની જાય છે.

જેવી ભૂતકાળપરસ્તી હોય છે ને, એવી જ વળી ભવિષ્યપરસ્તી હોય છે! એ લોકો પણ વર્તમાનની ધરી છોડી દે છે. આપણા શેખચલ્લીજી એનું ઉત્તમ ને રસપ્રદ ઉદાહરણ છે – તુક્કાબાજ, તરંગી, ભ્રાન્ત આશાવાદી એવા શેખચલ્લીઓનો પાર નથી. ભવિષ્ય તરફ તર્કપૂર્વક, સજ્જતાથી જવાનું હોય છે; વર્તમાનની ધરી છોડ્યા વિના જવાનું હોય છે. ભવિષ્યવેત્તાઓ, કહેવાતા જ્યોતિષીઓનો રાફડો ફાટ્યો છે તે આવા લોલુપ આશાવાદીઓને લીધે; ખરેખર તો એ નિરાશાવાદીઓ છે, નિષ્ફળ છે માટે જ એમને ભવિષ્યમાં આશા છે, અશક્ય ફળની અપેક્ષા હોય છે એમને. વર્તમાનનું વહેણ છોડીને એ લોકો ભવિષ્યના મૃગજળ પાછળ ધસે છે. પાણી છોડીને રણમાં દોડી જનારને આપણને શું કહીશું?

એટલે સમય ખરેખર બળવાન છે. એ બળવાન પણ છે ને કંઈક શરારતી, અળવીતરો પણ છે. તમને નડે ય ખરો, કનડે-પજવે ય ખરો, તમારી મશ્કરી કરે. એનો લય ચૂકો તો તમને ઘડીકમાં બેવકૂફ બનાવી દે. સમયની સાથે દોસ્તી કરવી પડે –એને માલિક પણ નથી ગણવાનો, ને તમારો ગુલામ તો એ છે જ નહીં. સામૂહિક નૃત્યમાં સમય તાલનું રીધમનું કામ કરે છે. આપણાં પગલાં, આપણાં સ્ટૅપ્સ અનાયાસ જ એને અનુસરશે. એનો જ આનંદ હોય છે – સમયની સાથેસાથે રહેવાનો.

*૨૫.૭.૨૦૦૮*

# પુષ્પો સાથે વાત

ઘરના પાછળના ભાગમાં વાવેલી રાતરાણી એક રાતે એકાએક જ બારીમાંથી પ્રવેશે છે ને સુગંધના એક આછા હડદોલાથી 'શું ચાલે છે?' કહી જાય છે; કોઈ અજાણ્યા રસ્તે પસાર થતાં, કોઈ એક શ્વાસમાં કદંબની માદક સુવાસ પ્રવેશી જાય છે ને અધવચ્ચે રોકાઈ જવાય છે – આંખો આશ્ચર્યથી આમતેમ કદંબવૃક્ષને શોધે છે. વહેલી સવારે કૂંડામાંનાં ને ક્યારામાંનાં પુષ્પો ચૂપચાપ 'હેલો' કહી બેસે છે. સુગંધ આપી શકતાં નથી એ રંગોના સ્મિતથી આકર્ષી જાય છે. પણ બધાં જ પ્રથમ દૃષ્ટિએ પ્રેમ કરી બેસે છે – ને પહેલા શ્વાસે જ વીંટળાઈ વળે છે.

કોઈ કહેશે : લો, આ તો બિલકુલ વરણાગિયાવેડા! અમે તો કામમાં ગળાબૂડ, આવોતેવો સમય નથી અમારી પાસે. એ બધા કવિઓના ધંધા! તો, ત્યારે ભૂલો છો તમે. કેટલાક કવિઓનેય સમય નથી. પુષ્પોની જ કવિતા લખવામાંથી ઊંચે જોવાનો કે આસપાસ જોવાનો સમય હોય તો જુએ ને એ શબ્દસેવીઓ પુષ્પો તરફ! પુષ્પોને જોયાં-ઓળખ્યાં વિનાય ક્યારેક પુષ્પોની કવિતા લખી શકાય છે.

કાલિદાસે ને રવીન્દ્રનાથે પુષ્પો તરફ ભરપૂર જોઈ લીધું છે એ આ લોકોને કામ આવી જાય છે. કવિતાનો એ અમર વારસો છે – વારસદારોની મૂડી!

આ મજાકની પાછળ ક્યારેક એક કમનસીબ વિડંબના પણ હોય છે. ઉમાશંકર જોશીએ એક મરમાળું કાવ્ય લખ્યું છે :

*‘કરજે પ્રિય માફ આટલું,*
*કદી બોલાવી ન લાડથી તને.*
*બહુ મગ્ન હું આજ આપણાં લખવામાં મિલનો તણી કથા.’*

પ્રેમકાવ્ય લખવામાં જ પ્રેમ કરવાનો વખત રહેતો નથી! ઓહ! રૉબર્ટ ફ્રૉસ્ટની પેલી જાણીતી પંક્તિઓ પણ યાદ આવવાની. કવિ કહે છેઃ માનવજાતનું એટલું મોટું ઋણ છે કે કામમાં રચ્યાપચ્યા રહેવું પડે છે ને મનગમતાં કામ થતાં નથી. The woods are lovely, dark and deep, but I have promises to keep – આ સઘન લીલી વનરાજિ આગળ અટકવું છે પણ મારે તો હજુ આપેલાં વચનો પાળવાનાં છે...

જીવનની કપરી વાસ્તવિકતા સામે હોય ત્યારે પ્રકૃતિપ્રેમ કોઈને બિનજરૂરી વૈભવ જેવો લાગી પણ શકે. ઝવેરચંદ મેઘાણીએ એક વાર, ગરીબો-શોષિતોની પડખે રહેવાની સક્રિયતાને બદલે પ્રકૃતિ અને પ્રેમની કવિતા લખનાર કવિને ઠપકો આપેલોઃ ‘કવિ, તને કેમ ગમે?’ જે ‘શ્રેય’ હોય, કર્તવ્ય હોય, એની સામે; જે ‘પ્રેય’ હોય, મનગમતું હોય એને બાજુએ રાખવું પડતું હોય છે, ક્યારેક.

પરંતુ સાધારણ સંજોગોમાં, આપણાં કામ આટોપતાં-આટોપતાં વચ્ચે સ્હેજ વખત મળી જતાં કે વહેલી સવારે, સૂરજનો પહેલો સ્પર્શ થતો હોય ત્યારે ઘરઆંગણાનાં પુષ્પો સાથે કે ક્યાંક થોડેક દૂર દેખાતા એકાદ પુષ્પ સાથે વાતો કરી છે તમે, ક્યારેક? આંખની સામે એક નાનકડું ફૂલ રેશમી સ્મિત

કરતું હોય ત્યારે એકાદ ક્ષણ વહાલ કર્યું છે એને? જેણે રંગ અને સુગંધ તમને આપ્યાં એને એકાદ પ્રેમાળ સ્પર્શ કર્યો હશેને તમે? કે એ મિલન-પળ ખાલી ગઈ?

આપણે જો સંપર્કોના માણસ હોઈએ – જાતજાતના માણસોની જાતજાતની ખાસિયતોમાં આપણને રસ હોય, એ રીતે આપણે સૌની સાથે મળવાભળવા માગતા હોઈએ, માણસોને મળીને આપણે આખી મનુષ્યતાને ભેટવા માગતા હોઈએ તો તો આપણને જાતજાતનાં પુષ્પોનો પરિચય કરવાનું પણ ગમે. ઋતુઋતુનાં પુષ્પો, એની જુદીજુદી છટાઓ – આકારની, રંગોની, રંગોની મિલાવટની, આછી ને માદક સુગંધની છટાઓ માણવા જેવી. બહાર, દાખલા તરીકે, ઉનાળો ધગધગતો હોય, નજર ન કરી શકાતી હોય, ત્યારે ગરમાળો ને ગુલમહોર તો પૂરબહારમાં આપણને સત્કારવા તૈયાર હોય છે. ઐશ્વર્ય શબ્દનો ખરો અર્થ ત્યારે જાણવા મળે. ઓરડાની અંદરનું ઐશ્વર્ય, ગમે તેટલું વૈભવી હોય તોપણ, પેલા પુષ્પિત ઐશ્વર્ય આગળ તો ઝાંખું.

અરે ભલા માણસ, એવું ક્યાં કહું છું કે તાકી જ રહો આખો વખત ફૂલોને, નવરા માણસની જેમ. દોડતાં, ચાલતાં, કામ કરતાંકરતાં એક જરા નજર કરી લેવાની છે, જરાક ઊંડો શ્વાસ લેવાનો છે. તમારી પરવાનગી વગર પણ, સુગંધ તો તમારા નાકમાં પ્રવેશી જ જવાની. તમે ઓળખો નહીં તો એળે જવાની, ઓળખો તો પ્રસન્ન કરવાની. ક્યારેક એક ઊંડો શ્વાસ તરબતર કરી મૂકે... જો એ શ્વાસ આપણા ચિત્તના કોશેકોશમાં પહોંચે તો.

જેને ત્યાં ફૂલનો છોડ ઉગાડી શકવાની સગવડ નથી એ બનાવટી ફૂલોનો ગુચ્છો રાખે છે ઘરમાં. આબેહૂબ પુષ્પો! મારે એમના પર કટાક્ષ નથી કરવો. ચાલો, પુષ્પના આકારમાં ને રંગમાં એમને એટલો તો રસ પડ્યો ને? દીવાલોના ને ફર્નિચરના

રંગોમાં કંઈ ખૂટતું લાગ્યું હશે એટલે જ એ આ ગુચ્છ લઈ આવ્યાં હશે ને? અને ખાતરી છે કે એ જ મિત્રોને કદીક પુષ્પની સુગંધની પણ જરૂર પડશે ને એ એમની બારી ખોલશે...

ને દૂરથી કોઈ રાતરાણી એમને પૂછશે, 'કેમ છો, મજામાં ને?'

૨૬.૭.૨૦૦૮

# આંગણું અને પરસાળ

સમય જાય એમ શબ્દો પણ વિદાય પામે. નવી સભ્યતા, નવી વ્યવસ્થાઓ, નવી સગવડો, નવા શબ્દો. પોતાની માલિકીના ઘર માટે 'ઘરનું ઘર' કેવો હૂંફાળો ગુજરાતી શબ્દપ્રયોગ છે! પણ પછી ઘરના જુદાજુદા ભાગો પર અંગ્રેજી ભાષાની માલિકીનો વિસ્તાર થયો – હૉલ, કિચન, બેડરૂમ, બાથરૂમ, વગેરે. હોય, સ્થાપત્ય ઉછીનું એટલે પછી શબ્દો પણ ઉછીના જ હોવાના ને? એનો વસવસો કરવાને બદલે જરાક પાછળ જઈએ – જૂનાં ઘરોમાં.

શબ્દો વિદાય પામે છે એમ કહ્યું એનો અર્થ એટલો જ કે એ શબ્દો વપરાશમાં નથી રહ્યા, પણ મનમાં તો સંસ્કાર રૂપે એ રહે જ છે. જૂના ઘરના એવા બે શબ્દો આજે યાદ આવે છે : આંગણું અને પરસાળ.

આંગણું શબ્દ તો હજુ કંઈક પરિચિત છે. જોકે બહુ વપરાતો નથી. ક્યારેક લગ્નની કંકોતરીમાં દેખાય – 'આંગણિયે અવસર આનંદનો'. વળી ક્યારેક નવરાત્રિના ગરબામાં સંભળાય – દયારામના એક ગરબામાં, ગોપી કૃષ્ણને મીઠો ઠપકો આપે છેઃ

'મારા આંગણલા સામું આવીને તમે શાને કીધી શાન?' આ તે કેવો ધૃષ્ટ પ્રેમી, તે જરાક દૂર રહીને નહીં પણ છેક આંગણે આવીને ઈશારા કરે છે!

આંગણું શબ્દ મનમાં પડ્યો હોય એટલે ક્યારેક આપણે કોઈ મિત્રને કે સ્નેહીને ફોન પર કહીએ છીએ – હવે અમારે આંગણે ક્યારે પધારો છો? ભલે ને આપણે ફ્લૅટમાં રહેતા હોઈએ. ને ફ્લૅટને આંગણું કેવું? છતાં કહીએ છીએ, કેમ કે આંગણું એટલે ઘર.

આ આંગણું એટલે જ ઘર – એ જોવા માટે આપણે ગામડે જવું પડશે. ગામને પાદર ઊતરીને, થોડુંક ચાલીને તમે તમારી શેરીમાં વળી જાઓ છો. પછી તો શેરી ક્યારે પૂરી થઈ ને આંગણું ક્યારે શરૂ થયું એની ખબર જ ન પડે! પહેલાં તો, મોટા ભાગનાં ઘરોમાં શેરીથી આંગણાની સરહદ બતાવતી ઓટલી પણ ન હતી – માત્ર લીંપણ કર્યું હોય ત્યાંથી આંગણું શરૂ થઈ જાય એટલે જ તો લોકગીતનો ગાયક સ્વાગત કરે છે : 'શેરી વળાવી સજ કરું ઘેર આવો ને...'

આંગણાનો વૈભવ જબરો. આંગણે હોય તુલસીક્યારો. અરે, નરસિંહ મહેતાના આંગણાની સમૃદ્ધિ બતાવતાં કવિ પ્રેમાનંદે કહેલું : 'આંગણે તુલસીનાં વન!' ભૌતિક દરિદ્રતામાંય ભક્તિનો આવો વૈભવ છલકતો હતો.

સવારના સૂર્યનું સ્વાગત એ આંગણામાં થાય, જળકલશથી; બપોરે એ આંગણું બાળકોનું ક્રીડાંગણ બની જાય; ઉનાળાની રાતે ત્યાં ખાટલા ઢળે ને બાજુના લીમડાનો પવન ખાતાંખાતાં આકાશદર્શનનો ને ચંદ્રદર્શનનો આનંદ લૂંટવાનો હોય. પાછલે ઉનાળે, મોડી રાતે ક્યારેક આછો વરસાદ શરૂ થાય તો ઘરમાં નહીં ભરાઈ જવાનું, ખાટલા ખેંચી લેવાના પરસાળમાં. વળી પાછા, વરસાદનો અવાજ સાંભળતાંસાંભળતાં જ ઊંઘના પ્રદેશમાં સરકી જવાનું એ પરસાળમાંથી જ.

આ પરસાળ કે પડસાળ ઘરની સૌથી મજાની જગા. ઘરનું કમાડ ખોલીને બહાર આવીએ એટલે તરત આવે પરસાળ, આંગણું તો પછી આવે. પરસાળને માથે છાપરું, સિલિંગ હોય પણ પછી સામે તો શેરી સુધી બધું ખુલ્લું. પ્રતિ શાલા એટલે પરસાળ – પરસાળ સામે જગત આખું મોકળું.

હા, વરંડો કે પોર્ટિકો કહીએ એટલે પરસાળનો કંઈક ખ્યાલ આવે, પણ પૂરેપૂરો ન આવે. શુદ્ધ પરસાળ હોય એને ન ગ્રીલ હોય કે ન જાળી હોય કે ન ઓટલી હોય. માત્ર શોભતા હોય નાનાનાના થાંભલા. કળાકાર સુથારે એના પર ક્યારેક રસપૂર્વક કોતરણી પણ કરી હોય.

લાંબી પરસાળ હોય તો ત્યાં હીંચકો પણ ઝૂલતો હોય. ત્યાં વળી એકાદ ખાટલો ઢાળી દઈએ એટલે એ ડ્રોઈંગ રૂમ કે વિઝીટર્સ રૂમ પણ બની જાય. મહેમાનને પહેલો આવકાર આંગણામાં, ને એમનો પહેલો સત્કાર પરસાળમાં. ત્યાં જ ચા-પાણી કે હુક્કો-પાણી થતાં.

ઘરના વડીલનો ઠેકો આ પરસાળમાં – લગભગ આખો દિવસ; અને રાતેય ખરો. પરસાળ એ જ એમનો શયનખંડ. બાળકો માટે એ ઈન્ડોર ગેમ્સ – ઘરેળુ રમતોનું મેદાન. જો કે એ ચંચળ જીવો પરસાળમાંથી ક્યારે આંગણામાં સરકે ને ક્યારે શેરીમાં થઈને પાદરે છટકી જાય એ કહેવાય નહીં!

આપણે કહ્યું એ ચંદ્રદર્શન આંગણામાંથી જ થાય, પણ ક્યારેક પાછલી રાતના ચંદ્રનો અજવાસ પરસાળ સુધી પણ આવી જાય. રાવજી પટેલના એક કાવ્યમાં છે – ‘જુઓ પણે પરસાળ સૂંઘતો ચાંદો…’

જોયું? આ બે શબ્દોએ આપણને ક્યાંના ક્યાં ઉતારી દીધા? સમયના ગર્ભગૃહમાં અંધારા ઓરડા જ નથી, અજવાળું આંગણું પણ છે ને પ્રેમાળ પરસાળ પણ છે.

જૂન, ૨૦૧૫

# સ્વીકાર અને શરણાગતિ

ભૂલ થવી એ માણસ માટે સ્વાભાવિક છે. જો માણસ મહત્ત્વનું કામ કરતો હોય, વિચારીને કંઈક રજૂ કરતો હોય, તો માણસ ઉત્તમ પરિણામો લાવવા સામે બે-એક ભૂલો પણ કરે. ઉતાવળે જ ભૂલ થાય એવું નથી, ક્યારેક બહુ ધ્યાનપૂર્વક કામ કર્યું હોય ત્યારે પણ ભૂલ થઈ શકે છે. પરંતુ, એ ભૂલ તરફ કોઈ ધ્યાન દોરે ત્યારે આપણે શું કરીએ છીએ એ અગત્યનું છે. કેટલાક માણસો મમતથી કે હઠાગ્રહથી ખેંચાયેલા રહે છે, એમ કહો કે, પોતાનો કક્કો જ ખરો કરે છે ને સહજ ભાવે ભૂલનો સ્વીકાર કરતા નથી. આગળના રસ્તા જાણે કે બંધ કરી દે છે.

સ્વીકાર કરવો એ બહુ મોટી શક્તિ છે. જીવનના અને જગતના પ્રવાહને વહેતો રાખવામાં સ્વીકારની મોકળાશનો બહુ મોટો ફાળો છે. તમને અંદરથી ખાતરી થાય, એવી પ્રતીતિ થાય કે તમારી કાર્યપદ્ધતિમાં કે તમારી વિચારસાંકળમાં એ એક ચૂક હતી, ત્યારે એના સ્વીકારમાં હાર કે શરમ નથી, બલકે એક ગૌરવ છે. ભૂલ કરી હોવા છતાં એ સ્વીકાર તમને ઊજળા રાખે છે.

# રસ્તા અને આપણે

આપણે સૌ, હજારો વર્ષોથી, ભાષા સાથે ચાલતાંચાલતાં કેટલાકેટલા શબ્દોમાં હરતાંફરતાં રહ્યાં છીએ! 'માર્ગ'માં અને વળી 'મારગ'માં; વળી 'પથ'માં વિસામો કર્યો ને પછી કેટલો 'પંથ' કાપ્યો! પછી 'રસ્તા' આવ્યા. આવ્યા તો ક્યાંથી? આપણા માર્ગમાં જ એમણે રસ્તા બનાવ્યા ને આપણને આપ્યા. 'રાહ' પણ ચીંધ્યો. પણ છેવટે તો આપણે રસ્તો સ્વીકાર્યો. એટલે હવે તો સૌથી વધુ વપરાશનો શબ્દ 'રસ્તો' છે; ને સૌથી વધારે વપરાશ પણ આપણે રસ્તાનો જ કરીએ છીએ ને?

જુઓ ને, આ રસ્તો! આપણને એના મૂળ અર્થમાં – એના સીધાસાદા પહેલા અર્થમાં મુકામ કરવા જ દેતો નથી! કંઈ કેટલાય રસ્તા બતાવ્યા જ કરે છે! તમારા ધ્યેયના રસ્તે, વિકાસના રસ્તે ચાલો ત્યાં તો વળી સામે બે રસ્તા છે – આ લેવો કે પેલો લેવો? રમણભાઈ નીલકંઠ નામના આપણા વિદ્વાન નાટ્યકારે 'રાઈનો પર્વત' નામનું જે સરસ નાટક લખ્યું છે, એમાં, નીતિના રસ્તે ચાલનાર પેલો રાઈ પણ એકવાર તો વિકલ્પના ત્રિભેટે આવીને ઊભો રહે છે. પોતાની જાતને સંબોધીને એ કહે છે

*બે રહ્યા તુજ સમીપ માર્ગ જ્યાં,*
*તું ગ્રહે ઉભયમાંથી એક ત્યાં.*

પણ કોઈ એકની પસંદગી ક્યારેક કપરી હોય છે. ત્યાં જ કસોટી છે. બરાબર વિચારો ને સાચે રસ્તે પડો. ખરેખર રસ્તા કસોટી કરતા હોય છે.

આ કરે જ છે ને કસોટી – વરસાદ પછીના આપણા રસ્તા! શહેરના મોટા, સરસ, સપાટ રસ્તા પણ ખાડા-ગાબડાંથી આપણને અને આપણાં વાહનોને નૃત્ય કરાવી દે છે. જીવસટોસટનો ખેલ છે આ રસ્તાઓ પરના પ્રવાસો. અને સુધરાઈવાળા જ્યારે એ ખાડા પૂરે છે ત્યારે વળી ટેકરા કરીને અથડાવે છે આપણને! એટલે નૃત્ય એનું એ જ. 'ખાડે પડો' ને પછી ઝટ 'રસ્તે પડો' – બંનેના અર્થ એક જ થાય છે અહીં તો!

આપણા આવા રસ્તા જોઈને, વળી કોઈ અમેરિકા કે યુરપ જઈ આવેલાઓ શેખી કરવાના – અરે જુઓ તમે ત્યાંના રસ્તા! વિશાળ, ને દર્પણ જેવા લિસ્સા. પાણીના રેલાની જેમ તમારી કાર સરકે છે ત્યાં...

અરે પણ ભલા માણસ, દર્પણ જેવો રસ્તો જોઈને જ બેસી રહેવાનું? અમેરિકામાં તમે રસ્તા જ જોઈ આવ્યા કે રસ્તાની આસપાસ પણ જોયું? બંને બાજુ ઘેરાં લીલાં જંગલો અને ક્યારેક રંગબેરંગી વૃક્ષો જ વૃક્ષો. ને વચ્ચે રસ્તો. રસ્તો તમને આવા સૌંદર્યલોકમાં ન ફેરવે તો એ આપણો રસ્તો નહીં. રસ્તે જતાંજતાં વળી આવાં સૌંદર્ય-સ્થાનોમાં આપણી આંખ કોઈ નવી કેડી કોતરી લે તો તમે હવે સાચા રસ્તે છો. લો, જોયું ને? આપણે કેડીને તો ભૂલી જ ગયા! વિકાસની વાત કરતા વિદ્વાનો એક રૂપકની મદદ લે છે. કહે છે : નાનકડી કેડી જોતજોતાંમાં રાજમાર્ગ બની ગઈ. પણ કેડીની માયા પણ કંઈ ઓછી છે? કેમકે એ કેડી આપણે કોરી છે – આપણે જાતે કેડીમાંથી રસ્તો

કર્યો છે. તૈયાર રસ્તે તો સૌ ચાલે, પણ રસ્તો ન હોય ત્યાં પણ રસ્તો કાઢે એ ખરો શોધક, અને એ જ સાચો રસિક. એટલે જ ઉમાશંકર જોશીએ કહ્યું હશે ને કે 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી.' આ કુંજો જોવા માટે કેડી જોઈએ. રસ્તા જો અસંખ્ય છે તો કેડી અનંત છે. તમારો પગ પૂરા વિશ્વાસથી આગળ જાય તો નવી કેડી પડે ને પછી અનુસારકો નવો ચીલો પાડે.

આવા તો કેટકેટલા રસ્તા આપણા પગની છાપને ઝંખતા ઊભા હોય છે! આપણામાં ઇચ્છા અને સ્ફૂર્તિ જોઈએ. સૌંદર્યનો આનંદ પામવા અનેક રસ્તે ફરી વળેલાને વળી નવાનવા રસ્તાની અભિલાષા જાગે.

કવિ ઉશનસ્‌ની કાવ્યપંક્તિ યાદ આવી જાય છે. કવિ કહે છે –

'અરે કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.'

નવેનવે રસ્તે આપણાં ચરણની મુદ્રા, એની છાપ અંકાય એ સંકલ્પ સાથે અહીં સ્હેજ પથનો વિસામો લઈએ ને?

૧૦.૧૧.૨૦૦૫